

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*આપણા પૈસા પર સાપ બની બેઠા, કહેવું પડે!*
*હવે ગરજે આ બેન્કોને પણ બાપ, કહેવું પડે!*
*કહેવું પડે કે માલ્યા' જેવાના જ, લાગના છો તમે*
*મધ્યમ વર્ગે તો બેન્કનો માર ખાઈ સહેવું પડે!*
*(ચાર ઉપાડ પછી ૧૫૦ રૂા. દંડ)*

હાઈકુ

*મિલી ભગતે,*
*કરવી છે કમાણી -*
*આપણા પૈસા...*
*(લોનમાં સાંઠગાંઠ)*

*ખોલાવી ખાતાં -*
*બિચારા, 'કાકા' મટી*
*થાય ભત્રીજા...*
*(બેન્કોની જોહુકમી)*

## ચિંતન

**ફલ ભારન નમિ બિટપ, સબ, કહે ભૂમિ નિઅરાઈ,**
**પર ઉપકારી પુરુષ જિમિ, નવહિં સુસંપતિ પાઈ.**

ઉપરોક્ત ચોપાઈ રામાયણમાંથી લેવામાં આવેલ છે.

જેમ સર્વ વૃક્ષો ફળોથી ભરપૂર હોવા છતાં પૃત્વી તરફ નમી રહે છે, તેમ પરોપકારી મનુષ્ય સુંદર સંપત્તિ પ્રાપ્ત કર્યા છતાં નમ્ર રહે છે.

માણસ વિનય-વિવેક અને નમ્રતાથી ક્ષમાશીલ બને છે ત્યાગ અને જતું કરવામાં માને છે એને નીચે નમતાં નાનમ લાગતી નથી.

તુલસી દાસજીએ આ ચોપાઈમાં 'નમ્ર' વ્યક્તિનું મહત્ત્વ દર્શાવ્યું છે. આજે તમે આંબાવાડીમાં જોશો તો ઉનાળામાં કેરીની સીઝનમાં જયારે આંબે કેરીનો પાક લચી રહ્યો હોય ત્યારે ડાળીઓ ખૂબ નમી જાય છે અને છેકે જમીન સુધી નમે છે ખેડૂતને એના માટે 'ટેકા' મૂકવા પડે છે. નમ્ર માણસ પાસે સુખ-સુવિધા ધન આવે છે ત્યારે સંસ્કારને કારણે વધારે લવચીક બને છે.

## સુવિચાર

- પરસેવામાં પલાળીને મેળવેલો પૈસો જ પ્રભુને ગમશે - **ડો. વીજળીવાળા**
- પુસ્તકો તો માત્ર સંકેતનો માર્ગ છે... તે રસ્તે લોકો ચાલીને ગયા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મૃત્યુ સિવાય એવી કોઈ પરીક્ષા છે જ નહીં જયાં 'ફેઈલ' થયા પછી 'પાસ'ન થઈ શકાય - **જીવનસૂત્ર**
- ચર્ચા દ્વારા જ્ઞાનનો વિનિમય થાય છે... દલીલ બાજી દ્વારા અજ્ઞાનનો - **જનકલ્યાણ**
- આ દુનિયામાંથી માનવીને બાદ કરો તો કોઈને પણ પોતાના અસ્તિત્વ માટે કશું આશ્ચર્ય થતું નથી - **શેક્સપિયર**
- જિંદગીમાં કેટલાયે ભયોનો સામનો કરવે પડે છે.... તેમાનાં પહેલા ભયનું નામ છે જન્મ - **ફ્રોઈડ**
- તમે પ્રેમની કિંમત ચૂકવી નશકો પરંતુ તમારા પ્રેમને પ્રશંસા દ્વારા વ્યક્ત તો કરી જ શકો - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : બાફેટા બટેટા બાદ વધેલા પાણીથી માથું ધોવાથી વાળ રેશમી અને મુલાયમ બને છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આજકાલ ધનિક વાલીઓ પોતાનાં સંતાનને મોંઘા મોબાઈલ, બાઈક અને મોંઘી કાર કે જે માગે તે - સમય અને સંસ્કારના બદલામાં આપતા રહે છે. કારણ કે એ બે બાબતો એમની પાસે પણ ખાસ નથી હોતી - આમાં બાળક બગડે છે.

અભિનેતા પૃથ્વીરાજ કપૂર સારા નાટ્ય કલાકાર હતા. ફિલ્મી અભિનેતા તો હતા જ પણ સામાન્ય જીવનમાં ધર્મ-સંસ્કાર અને શિસ્તના કડક આગ્રહી હતા.

સુવિધા હોવા છતાં પુત્ર નાનો હતો ત્યારે રાજકપૂરને નિશાળનો 'ટ્રામ' માં જ જવું પડતું. એક દિવસ શાળા જવાના સમયે જ ખૂબ વરસાદ શરૂ થયો. માતા રામશરની એ પૃથ્વીરાજને કહ્યું હજું તમને - જવાની ત્રણ કલાકની વાર છે. ડ્રાઈવરને કહો રાજને સ્કૂલ મૂકી આવે!

પૃથ્વીરાજે ચોખ્ખી ના પાડી - વાદવિવાદ થયો. દલીલો થઈ પણ પૃથ્વીરાજ એકના બે ન થયા. કહ્યું આજે સામાન્ય વિદ્યાર્થીની માફક જ સ્કૂલ જવું પડશે...

રાજ ચૂપકીદીથી 'ટ્રામ' પકડવા સરકી ગયો.

# પુત્ર-પુત્રીને સરખા હક્ક આપી સમાજને દૃષ્ટાંત પૂરું પાડ્યું

તંત્રીસ્થાનેથી...

એક જ દિવસે વિધર્મીઓની કતલ અને માથાં વાઢવાના નકારાત્મક સમાચારો સાથે મિલેનિયમ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનનું અનુકરણીય વસિયતનામું વાંચવા મળે ત્યારે સ્વાભાવિક રીતે જ ચિત્ત ચકડોળે ચડે. ટ્રમ્પના રાજયારોહણ પછી અમેરિકામાં મુસ્લિમો માટે જીવવું હરામ થઈ ગયું છે. આ એ જ અમેરિકા છે જેણે બ્લેક મુસ્લિમ પિતા અને ખ્રિસ્તી માતાના ફરજંદને બદલે ટર્મ માટે રાષ્ટ્રપતિના સર્વોચ્ચ પદ માટે ચૂંટી કાઢ્યો હતો. કેરળમાં સંઘના કાર્યકરો અને પ્રચારકો ઉપર થતા અત્યાચારની અઘટિત પ્રતિક્રિયા આપીને સંઘના જ એક અગ્રણી ફિક્સમાં મુકાઈ ગયા છે. કેરળના મુખ્યમંત્રીના માથાનું મૂલ્ય ચૂકવવાની તૈયારી દર્શાવનારા એ અગ્રણીના નિવેદનથી સંઘ શરમિંદો બન્યો છે. આવી વિઘાતક ઘટનાઓ વચ્ચે રણમાં વીરડી સમું અમિતાભ બચ્ચનનું વસિયતનામું છે. કવિ હરિવંશરાય વીરડી સમું અમિતાભ બચ્ચનનું વસિયતનામું આવ્યું છે.

કવિ હરિવંશરાય બચ્ચનના જયેષ્ઠ પુત્ર અમિતાભ અને નાનો પુત્ર અજિતાપ વચ્ચે પણ કયારેક વારસાઈ મુદે વિવાદ હોવાનું બહાર આવેલું. પરંતુ કુટુંબપ્રેમી અમિતાભે બાંધી મૂઠીનો ભ્રમ જાળવી રાખીને પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પ્રતિષ્ઠા અને મૂલ્યોની જાળવણી કરવાની બાબતને પ્રાથમિકતા આપી છે. એમની પાસે વડીલોપાર્જિત કરતાં પણ અઢળક સ્વ-ઉપાર્જિત સંપત્તિ છે. હવે ઢલતી વયે કયારેક આંખ મીંચાઈ જાય તેની તો ફક્ત ઉપરવાળાને જ ખબર હોય. એટલે પોતાની સંપત્તિની વહેંચણી અંગે સ્પષ્ટતા કરવાનું એમને ઉચિત લાગ્યું હશે. અમિતાને બે સંતાનો છે. પુત્ર અભિષેક સિનેમાક્ષેત્રે જ કાર્યરત છે અને પ્રતિભાશાળી અભિનેતી સાથે પરણેલો છે. પુત્રી શ્વેતા જાણીતા ઉદ્યોગપતિ નંદાના પુત્રવધુ છે. આમ પિતાની સંપત્તિમાંથી રાતી પાઈ પણ ન મળે તો પણ બેઉ ભાઈ-બહેન આરામથી જીવી શકે એમ છે.

પરંતુ માતાપિતાની છેલ્લા શ્વાસપર્યંત સેવા કરનારા અમિતાભ બચ્ચન આદર્શ પુત્રની જેમ આદર્શ પિતા પણ છે. એમને પોતાની સંપત્તિ પુત્ર-પુત્રી વચ્ચે સરખા ભાગે વહેંચી આપીને દાખલો બેસાડ્યો છે. સામાન્ય રીતે હિંદુ પરિવારોમાં લગ્ન પછી દીકરી પિતાની સંપત્તિ ઉપરના હક્ક જતા કરે છે. એને કરિયાવર પેટે પિયર તરફથી જે કંઈ મળ્યું હોય એમાં તે સંતોષ માની લે છે. પેઢીઓથી ચાલી આવતી આ પરંપરા બંધારણીય રીતે બરાબર નથી, પરંતુ સમાજનું બંધારણ દેશના કાયદાઓને ઘણી બાબતોમાં અતિક્રમે છે. અમિતાભ બચ્ચને પુત્ર અને પુત્રી વચ્ચેનો પરંપરાગત ભેદભાવ ભૂંસી નાખવાની ચેષ્ટા કરીને સમાજ સમક્ષ ઉત્તમ ઉદાહરણ પેશ કર્યું છે. નહીંતર અઢળક સંપત્તિમાં આળોટતા ઉદ્યોગપતિ પરિવારની પુત્રવધૂ શ્વેતા બચ્ચન - નંદાને પિતાની મિલકતમાં ભાગ મળે એવી સ્વપ્ને પણ અપેક્ષા ન જ હોય. અમિતાભે એમની મૂઠી ઊંચેરી ઈમેજને શોભે એવું માંગલ્યમય પ્રેરક પગલું ભરીને સમાજને દિશા ચીંધી છે.

# ગાંધીનગર સાહિત્યસભાના વાર્ષિકોત્સવ પ્રસંગે યોજાયો સાહિત્યિક પરિસંવાદ



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

મા ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને હરદમ ધબકતું અને ધડકતું રાખી, મઘમઘતું અને મહેંકતું રાખવા સારૂ સદૈવ પ્રયત્નશીલ એવી ગાંધીનગર સાહિત્યસભાના વાર્ષિકોત્સવ નિમિત્તે, ગાંધીનગર સાહિત્યસભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે, ટૂંકી વાર્તા - નવલિકા; બાળસાહિત્ય, કવિતા-ગઝલ અને લોકસાહિત્યનો વિવિધલક્ષી સાહિત્યિક પરિસંવાદ કાર્યકર્મ તા. ૨૭-૦૨-૨૦૧૭ના રોજ ડૉ. આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે મૂર્ધન્ય સાહિત્યકાર - કવિ ગઝલકાર ચીનુમોદી, લોકસાહિત્યકાર અને ગુજરાત સંગીત નાટ્ય અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવી; સમર્થ વાર્તાકાર સામયિક 'જલારામ દીપ'ના તંત્રી સતીષ ડણાક અને જાણીતા બાળસાહિતયકાર નટવર પટેલની સાહિત્ય ગોઠડીથી રંગેચંગે ઊજવાઈ ગયો.

કાર્યક્રમની શુભ શરુઆત શબ્દની આરાધ્ય દેવી મા શારદાની સ્મૃતિ વંદનાથી રમણભાઈ શ્રીમાળી દ્વારા, હાજર સર્વેના સ્વરના સથવારે કરવામાં આવી. મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રજ્જવલિત કરી, સદ્ભાવનાના ઓજસ પાથરવામાં આવ્યા. મંત્રી સંજય થોરાતે મહેમાનોની ઓળખ આપી, મહેમાનોના સાહિત્યિક ખેડાણ અને ઉમદા ઉપજને પરિચય કરાવ્યો, ઉપપ્રમુખ નટવર હેડાઉએ સંસ્થાનો પરિચય આપી સંસ્થા દ્વારા કરવામાં આવેલ સાહિત્યિક કાર્યક્રમોની ઝાંખી કરાવી. પ્રમુખ ભરત કવિએ મહેમાનો અને પધારેલ શ્રોતાજનોનું શાબ્દિક સ્વાગત કરી, સર્વે આવકાર આપ્યો. મહેમાનોમાં ચીનુ મોદી, યોગેશ ગઢવી, સતીષ ડણાક, નટવર પટેલ તથા નિવૃત્ત આઈએએસ એન સાહિત્યકાર વી.એસ. ગાઢવી અને પ્રવીણ ગઢવી તથા પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીનું પુષ્પ ગુચ્છથી ભરત કવિ, સુરેશ ભટ્ટ, હરેશ ભટ્ટ, મૂળજીભાઈ પરમાર, સંજય થોરાત, ભાનુપ્રસાદ દવે દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

પરિસંવાદની શરુઆતમાં બાળસાહિત્યકાર નટવર પટેલે, મુરઝાતા જતા બાળસાહિત્યની અગત્યતા સમજાવતાં જણાવ્યું કે, જો માતૃભાષાને બચાવવી હશે તો પાયાની એટલે કે બાળસાહિત્ય વિશેષ પ્રમાણમાં લખાતું અને ફેલાતું કરવું પડશે. પરંતુ હાલમાં બાળસાહિત્ય વિશે ચિંતા કરનારા અને લખનારા ઘટતા જાય છે. અંગ્રેજી ભાષાના ક્રેઝને કારણે માતૃભાષા ગુજરાતી પ્રત્યેની વાલીઓની માનસિકતા બદલાઈ છે, પરિણામે તેઓને ગુજરાતી ગમતું નથી. વધુમાં વિભક્ત કુટુંબને કારણે દાદા-દાદી દ્વારા કહેવાતી વાર્તાઓનો લોપ થયો છે. બાળસાહિત્યની શિબિરો યોજાતી નથી, બાળસાહિત્યકારોને કોઈ ગૌરવ પુરસ્કાર અપાતા નથી, કે રણજીતરામ સુવર્ણ ચંદ્રક અપાતો નથી, પરિણામે બાળસાહિત્ય પ્રત્યેનો રસ ઓછો થતો જાય છે.

વાર્તાકાર સતીષ ડણાકે ટૂંકીવાર્તા અને નવલિકા વિષેના વકતવ્યમાં સ્વાતંત્ર્યોત્તર ટૂંકી વાર્તાનો થઈ રહેલ ઉત્તરોત્તર વિકાસની ઝાંખી કરાવતાં જણાવ્યું કે વાર્તાનો ઉદેશ મનોરંજન અને બોધ આપવાનો હોય છે.

ગુજરાતી સાહિત્યના સુવિખ્યાત અને વરિષ્ઠ સર્જક-ગઝલકાર ચીનુ મોદી 'ઈર્શાદ' દ્વારા ગઝલના ઉદ્ભવ અને વિકાસ પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે શિકારીના તીરથી વિંધાયેલું હરણ જે ચીસ પાડે છે તે ચીસ એટલે 'ગઝલ'. વધુમાં તેમણે જણાવ્યું હતું કે જયાં સુધી આંખમાં આંસુ ન હોય, ત્યાં સુધી ગઝલ પણ ન હોય! તેમણે ગઝલને અરબસ્તાનની કસીદા - પ્રશસ્તિકાવ્ય ગણાવી મત્લા, મક્તા, રદીફ અને કાફિયા વિશે સમજ આપી હતી. તેમણે દયારામથી માંડી નર્મદ, બાલાશંકર કંથારિયા, શૂન્ય, મરીઝ, ઘાયલ, રાજેન્દ્ર શુક્લ, મનહર મોદીની ગઝલો તથા કહેવતરૂપ થઈ જાય તેવી મણિલાલ પટેલને ગઝલોને યાદ કરી હતી. ત્યારબાદ તેઓ દ્વારા 'ગઝલ' બાબતેનું તૈયાર પેપરનું પ્રતાપસિંહ ગઢવી 'હાકલ' દ્વારા વાંચન કરવામાં આવ્યું હતું.

છેલ્લે, મરાઠી, ભાષાના લેખક સુરેશ મૂળે દ્વારા લિખિત પુસ્તક 'કથાવલિ'નું ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય ભાલચંદ્ર કાજરેકર દ્વારા કરાયેલ અનુવાદ પુસ્તકનું વિમોચન કરાયા બાદ સાહિત્ય સભાના મંત્રી મૂળજીભાઈ પરમારે આભાર દર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ટ્રસ્ટી પ્રજ્ઞાબેન પટેલે કર્યું હતું.

**- muljibhaidadhi@gmail.com**

# ચરખાથી નીકળેલો કાચો તાર રાષ્ટ્ર-ભાગ્યના તાણાવાણા બનશે



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજે દેશને સ્વતંત્ર બનાવવાની નેમ સાથે એક રચનાત્મક કાર્યક્રમ તૈયાર કર્યો હતો. એક રીતે આ સાવ નોખી વિચારધારાને અમલી કરતો અનોખો કાર્યક્રમ હતો. ચાર સૂત્રી કાર્યક્રમમાં સ્પર્શાસ્પર્શનો ભેદ છોડો, એકતા મજબૂત કરી, દારૂ અને અન્ય નશાકારક ચીજોનો ત્યાગ કરો.અને 'ખાદી પહેરો' આ બાબતો સામેલ હતી.

બહુ જ મહત્ત્વના ગણાય એવા ગાંધીના આ રચનાત્મક કાર્યક્રમમાં 'ખાદી' એ પ્રથમ ક્રમે હતું. આ એક એવા કાર્યક્રમ હતો કે જેને સ્વરાજ હાંસલ કર્યા પછી પણ છોડી શકાય નહીં. કારણ કે આ ચાર સૂત્રોમાં એવી માનવજીવન અને વ્યક્તિગત માનવી માટે પણ બહુ જ મહત્ત્વની કહી શકાય એવી બાબતો સામેલ હતી. જેના થકી માનવજીવન વધારે ઉચ્ચ અને ઉદાત્ત બની શકે એવી વાતો વણાયેલી હતી.

ખાદી એ ગાંધીજીના મતે પાત્ર એક કપડું ન હતું. પણ ખાદી અંગે તેમની એવી લાગણી હતી કે ખાદીનો ઉપયોગ એ બીજાનું શોષણ રોકતી, સમાનતાનું પોષણ કરતી પદ્ધતિ છે. કોઈના પણ પરિશ્રમનો ગેરફાયદો તેનાથી ઉઠાવી શકાતો નથી. આ ઉપરાંત ખાદી એમ પણ શીખવાડે છે કે 'બીજાના માટે જ જીવન જીવવું એ જ જીવનની સાર્થકતા અને પવિત્રતા છે.'

અમદાવાદના કોચરબ વિસ્તારમાં થોડા સાથીદારો સાથે ગાંધીજી બેસી ગયા અને આશ્રમ જીવનની શરુઆત કરી. એ સમયે વિશ્વના રાજનેતાઓની દષ્ટિએ પણ આશ્રમજીવનના વિચાર અને અમલથી તાજ્જુબ હતા. તપ, ત્યાગ, સાદગી અને કઠિન શ્રમ પર આધારિત આશ્રમ જીવનની શરુઆત સમયે જ ગાંધીજીએ સર્વનો ઉદય 'સર્વોદય' નો વિચાર પર ફૂંક્યો. દક્ષિણ આફ્રિકાની ધરતી પર સત્ય અને અહિંસાનો જે પ્રયોગ તેમણે કર્યો હતો તેનો સ્વદેશમાં વધુ ને વધુ વિકાસ કર્યો.

> **ગાંધીના મને ખાદીએ બીજાનું શોષણ રોકતી અને સમાનતાનું પોષણ કરતી પદ્ધતિ છે**

દક્ષિણ આફ્રિકાથી જે અડળી કળી લઈને ગાંધીજી ૧૯૧૫માં આવ્યા હતા એ વિચાર કળીને તેમણે પૂર્ણરૂપે ખિલાવીને હજારો પાંખડીઓમાં ફેરવી દીધી જેની સુગંધ દેશ-દેશાવરમાં સારી એવી પહોંચી.

આશ્રમ જીવનની શરુઆતમાં આંગળીના વેઢે ગણાય એટલાં સાથીઓ સાથે બાપુએ શરુઆત કરી હતી. 'ગાંધીજી ઔર ઉનકે સપને' નામની નાનકડી પુસ્તિકામાં લેખક વિયોગી હરિ સરસ મજાની વાતો કરે છે. લેખક 'વિયોગી હરિ' એ ગાંધી વ્યાખ્યાન માળા અંતર્ગત આપેલા વ્યાખ્યાનોમાંથી આ પુસ્તિકા તૈયાર થઈ હતી. લેખકે માત્ર ગાંધીવિચાર-ધારાનું અધ્યયન જ કર્યું નથી પરંતુ ગાંધીવિચારને આત્મસાત પણ કર્યો હતો. પુસ્તિકામાં તેમણે ગાંધી વિચારને રજૂ કરતાં કરતાં ગાંધી વિચાર-ધારાનું નમ્રતાપૂર્વક વિવેચન પણ કર્યું છે.

શ્રી વિયોગી હરિ ગાંધી અને ખાદી વિશે આજે જે સવાલ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વકતૃત્વ સ્પર્ધા કે નિબંધ સ્પર્ધામાં વિષય બને છે. એવા સવાલ બાબતે ખુદ ગાંધીએ કહેલી વાત મૂકે છે. તેઓ લખે છે, કોચરબથી હરીને ગાંધીજી સાબરમતી નદીના કિનારે ઝૂંપડીઓ બાંધીને સાથીઓ સાથે બેસી ગયા અને વૃદ્ધ મહિલાઓના હાથમાંનો ચરખો લઈને લોકશક્તિને જોડવા લાગ્યા. 'સૂતરને તાંતણે જ સ્વરાજ આવશે.' એવું જાણે સપનું ગાંધીજીને આવ્યું હોય તેમ તેઓ અને તેમના સાથીઓ ચરખા ચલાવવા લાગ્યા.

એ સમયે 'સૂતરને તાંતણે આઝાદી આવશે?' - એવા એક સવાલનો બહુ જ દૃઢતાથી ગાંધીજીએ જવાબ આપતા કહ્યું હતું : 'હા, ચરખાથી નીકળેલો કાચો તાર રાષ્ટ્રના ભાગ્યના તાણાંવાણા બનશે.'

વિયોગી હરિ લેખે છે આ સાંભળીને ઘણા કવિઓએ તરંત તુક્કા સમી કલ્પના ગણીને હસી કાઢી તો વકીલો ગાંધીની દલીલને સાંભળી જ ન હોય એમ વર્ત્યા. ને પ્રતિભાવંત તત્કાલીન રાજનેતાઓએ પણ પીઠ ફેરવી લીધી. પરંતુ ગાંધીજીની વાત એટલે 'સો ટચનું સોનું' એવો વિશ્વાસ ભોળા અને અભણ કે - ઓછું ભણેલા ભારતીયોએ પ્રચંડ પડઘારૂપે પાડ્યો. ગ્રામજનોએ ગાંધી ઉપર નિઃસંદેહ શ્રદ્ધા રાખી પરિણામે ગાંધી સૂતરનો ખેંચતા ખેંચતા આગળ વધ્યા અને વધતા જ રહ્યા. એ પછી તો ગાંધી કારવાંમાં કવિઓ, વકીલો અને રાજનેતા પણ સાથે જોડાઈ ગયા.

ગાંધીને ચાર સૂત્રો પૈકીનું ટોચ અગ્રતાનું સૂત્ર 'ખાદી પહેરો' પાછળ એવો વિશ્વાસ હતો કે ખાદી અને ગ્રામોદ્યોગ ભારતીયોને શ્રમની પૂજા સાથે પોતાના પગ ઉપર ઉભા રહેવાની શિખ આપશે.

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# કાગના ફળિયે કાગની વાત





ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

છેલ્લા દોઢ દાયકાથી દર વર્ષે નિયમિત રીતે યોજાતા ''કાગના ફળિયે કાગની વાતું'' ના ભાતીગળ કાર્યક્રમની લોકસમૂહને રાહ હોય છે. કવિ કાગની ભૂમિ પર પૂજય મોરારીબાપુની પ્રેરણાથી યોજાતા આ કાર્યક્રમમાં પૂ. બાપુની હાજરીથી સમગ્ર આયોજનને એક અનોખી ગરીમા તથા ઊંચાઈ પ્રાપ્ત થાય છે. વર્ષ-૨૦૧૭નો આ કાર્યક્રમ પૂજય ભગતબાપુની ચિરંજીવ સ્મૃતિને હાલના વાસંતી માહોલમાં પુનઃ તાજી કરશે તે નિર્વિવાદ છે. કાગના ફળિયે ૨૦૧૫ માં યોજવામાં આવેલી રામકથાના ઉજળા ગાનની મીઠી સ્મૃતિના પડઘા આજે પણ અનેક લોકોના હૈયામાં જીવંત અને ધબકતા રહેલા છે. બીજી માર્ચ-૨૦૧૭ ના દિવસે મજાદરના આંગણે ભાઈ સાંઈરામ દવે તથા સુજ્ઞ વક્તા મહેશભાઈ ગઢવી કવિ કાગના જીવન કવન વિશે વાત કરે તે સૌને ગમે તે સ્વાભાવિક છે. સાંઈરામનો પરિચય વિશ્વના કોઈપણ ભાગમાં વસતા ગુજરાતીને હવે આપવો પડે તેમ નથી. સ્વનામધન્ય એવા આ આપણાં કલાકાર છે. એજ રીતે મહેશભાઈ પણ આભથી ઊંચેરા સંસ્કાર પુરુષ પૂ. ઠારણબાપુના પ્રતિનિધિ છે. મોરના ઈંડાને ક્યાં ચિતરવા પડે છે ? મહેશભાઈની વાણીનો પ્રવાહ માર્મીક તથા મૂલ્યવાન છે.

''કાગના ફળિયે કાગની વાતું'' દર વર્ષે નિયમિત રીતે પૂજય મોરારીબાપુના સાનિધ્યમાં થતી રહે છે તે પ્રસંગ હવે જાણીતો બનેલો છે. ભગતબાપુ તરીકે લોકલાગણી પ્રાપ્ત કરનાર કવિ કાગના સાહિત્યપ્રેમી એવા અસંખ્ય લોકો માટે આ પ્રસંગનુ એક આગવું મહત્વ છે. કવિ શ્રી કાગ તથા તેમના સાહિત્યને કેન્દ્રમાં રાખીને યોજવામાં આવતા કાર્યક્રમોની આ નિયમિત તથા સુઆયોજિત શ્રેણી છે. જાજ્વલ્યમાન વ્યક્તિત્વ ધરાવતા અને સમર્થ સાહિત્ય સર્જક કવિ શ્રી દુલા ભાયા કાગ (૧૯૦૩-૧૯૭૭)ની પુણ્યતિથિએ આ કાર્યક્રમનું છેલ્લા ૧૬ વર્ષોથી એકધારું આયોજન થાય છે. પૂજય મોરારીબાપુની પ્રેરણા તથા કવિ કાગ પરિવારના મહેમાનગતિના ઉજળા સંસ્કારને કારણે આ કાર્યક્રમની ગરિમા સતત વધતી રહી છે. કવિ કાગના સાહિત્યનું આચમન લેવા અનેક સાહિત્યમર્મીઓ પ્રતિ વર્ષ ભગતબાપુની ભૂમિ પર ભાવથી પહોંચી જાય છે.

કોઈ ધન્યનામ સર્જકના અમૂલ્ય સાહિત્યનું આચમન લેવાનું આયોજન દર વર્ષે થાય તે ગૌરવની વાત છે. આવું આયોજન કવિની ચેતના જયાં મહોરી હોય તેવી ભૂમિ પર જ થાય તેવી આ વિશિષ્ટ ઘટના બાપુના આશીર્વાદથી પાંગરી છે તેમજ આ પ્રસંગે સંસ્થાગત સ્વરૂપ ધારણ કરેલું છે. કાર્યક્રમની ગરિમા જળવાય અને તેનો હેતુ સરે તેવું આયોજન સર્વશ્રી બળવંત જાની, હરિશ્ચન્દ્ર જોશી જેવા સુજાણ લોકો કરે છે. કાર્યક્રમમાં ભાગ લેવા માટે આવનાર વિશાળ જન સમૂહને ''આવકારો મીઠો'' કાગ પરિવારના બાબુભાઈ કાગ તથા સૌ ભાઈઓ તેમજ સમગ્ર મજાદર ગામનો હોય છે. આ કાર્યક્રમના એક ભાગ તરીકે કાગ-સાહિત્યના અનેક મર્મીઓ કવિ કાગના સાહિત્ય તથા ભગતબાપુના જીવનને ઉજાગર કરતા વિવિધ પાસાઓ પર વિચારણીય વક્તવ્યો રજૂ કરે છે. તેની સાથો સાથ લોકસાહિત્યના અનેક સુવિખ્યાત કલાકારો પોતાની કળા મજાદરના આંગણે અંતરના ઉમળકાથી પ્રદર્શિત કરે છે. જેમણે લોકસાહિત્ય-ચારણી સાહિત્યના ક્ષેત્રમાં અલગ-અલગ પ્રકારે નોંધપાત્ર યોગદાન આપેલું હોય તેવા ગુજરાત તથા રાજસ્થાનના પાંચ વ્યક્તિ વિશેષોને પૂજ્ય બાપુ તરફથી દર વર્ષે કાગ-એવોર્ડ આપીને સન્માનવામાં આવે છે. એવોર્ડ અર્પણની રાત્રીએ સમગ્ર માહોલ કાગમય બની જાય છે. કવિ કાગના શબ્દપુષ્પોનો બાગ આજે પણ મહેકી રહેલો હોય તેવી પ્રતિતિ દરેક વ્યક્તિને થાય છે.

ભાઈ ! તારો બહેકે ફૂલડાંનો બાગજી...
રંગે રંગના ફૂલડાં
એમાં રામ ચરિતનો ત્રાગજી
એનો ગૂંથે હારલો, કોઈ કંઠ ઘરે બડભાગ...

આપણી ભાષાના કોઈ મોંઘેરા સર્જક અને તેમની રચનાઓને જીવંત અને ધબકતી રાખવાનો કોઈપણ ઉપક્રમ સમાજની સ્વસ્થતાનું નિદર્શન કરાવે છે. તેથી આવું કાર્ય વધાવી લેવાને પાત્ર છે. કવિ કાગ જેવા મહાન સર્જકનું તર્પણ આવા સુગ્રથિત કાર્યક્રમોથી થાય છે. આ પ્રકારના આયોજન થકી ખરા અર્થમાં વિશાળ જનસમૂહ પોતાના સર્જકની યથાર્થ સ્મૃતિવંદના કરી શકે છે.

કાગ એવોર્ડ (૨૦૧૭)ની યાદીમાં પૂજ્ય વસંતબાપુનું નામ જોઈને અનેક લોકોના મનમાં હર્ષ તથા ગૌરવની લાગણી થવા પામી છે. વસંતબાપુ સાહિત્યના એક ઉમદા ઉપાસક અને સર્જક હોવા ઉપરાંત કવિ કાગ પરિવારના તમામ સભ્યો પર નિરંતર સ્નેહ વરસાવનારા છે. વસંતબાપુના આ સંસ્કારી તેમજ ભગવત ઉપાસક પરિવારના મોભી સમાન હરિવલ્લભદાસબાપુ તરફ ભગતબાપુને અનન્ય સ્નેહ અને અપાર આદરની લાગણી હતી તે જાણીતી વાત છે. એજ રીતે ભાઈ મેરાણભાઈ આપણાં સાંપ્રત કાળના લોકસાહિત્ય આરાધકોની આગલી હરોળમાં હક્કથી પોતાનું સ્થાન ભોગવે છે. ચારણી છંદોની તેમની રજૂઆત અનેક ડાયરાના કાર્યક્રમોમાં શ્રોતાઓને રસ તરબોળ કરી જાય છે. ૨૦૧૭ ના વર્ષમાં કાગ એવોર્ડ માટે ડૉ. કલ્યાણસિંહજી શેખાવતનું નામ પસંદગી સમિતિએ નક્કી કરેલું છે. ડૉ. શેખાવતની સાહિત્ય સેવાનો લાભ જોધપુર યુનિવર્સિટીને ઘણાં વર્ષો સુધી મળેલો છે. બીજા એક સન્માનિત મહાનુભાવ માયાભાઈ આહીર છે. માયાભાઈની મીઠપ તેમના સમગ્ર વ્યક્તિત્વમાંથી નિરંતર વહેતી રહે છે. કચ્છના ઝરપરાના રત્નસમાન સર્જકોએ પ્રકૃતિ અને પરમાત્માની આકંઠ ઉપાસના કરેલી છે. થાર્યા ભગત આવાજ એક સમર્થ સર્જક હતા. ભક્તિ તથા શ્રધ્ધાના મોતીને કલ્પનાના તાણાવાણામાં ગૂંથી થાર્યા ભગતે અદભૂત તેમજ અવિસ્મરણીય રચનાઓ કરેલી છે. '' શામ વિના વ્રજ સુનું લાગે '' એ ભગતની અમર રચના છે જે નારાયણ સ્વામીના કંઠથી વિશાળ જનસમૂહ સુધી પહોંચી છે. થાર્યા ભગતને કાગ એવોર્ડ મળ્યો તે સોનામાં સુગંધ ભળ્યા સમાન થયું છે. કાગ એવોર્ડથી આવા પાંચ ભાતીગળ વ્યક્તિત્વ ધરાવતા સર્જકો — કલાકારોને વધાવવાના સમયે કવિ કાગની ભૂમિમાં પુનઃ કાગની કાવ્ય ચેતના પ્રગટતી અને મહોરતી હોય તેવી ઊર્મિઓ અંતરમાં ઉછળ્યા કરે છે.

દુલેરાય દેશનો દીવો...
ક્રોડુ જુગ કાગ ભઈ ! જીવો...